# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓ માટે સમ્મેલન નું આયોજન

તા.૩૧/૦૫/૨૦૨૨ ના રોજ માનનીય પ્રધાન મંત્રીશ્રી, શિમલા(હિમાચલ પ્રદેશ) ખાતેથી ગરીબ કલ્યાણ અર્થે સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વિડિયો કોનફરન્સના માધ્યમથી જોડાયેલ હતા તેનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, આ.કૃ.યુ. ખાતે ખેડૂતોના લાભાર્થે જીવંત પ્રસારણ  કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૪૯ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધેલ હતો. માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આગિયારમાં હપ્તા નો લાભ પણ ખેડૂત ભાઈઓને આપવામાં આવ્યો. કાર્યક્રમ અંતર્ગત SPNF તેમજ e-KYC અપડેશન અંગે ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલ હતા.

સદર કાર્યક્રમને મુખ્ય અતિથિ તરીકે પૂર્વ કેબિનેટ શિક્ષણ મંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ હાજાર રહી દીપાવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી મેરૂભાઈ અલગોતર(તાલુકા પંચાયત પ્રમુખ),શ્રી વિક્રમસિંહજી મંડોરા(જિલ્લા ઉપપ્રમુખ,ભાજપ)તેમજ શ્રી મનુભાઈ પરમાર(તાલુકા સંયોજક-પ્રાકૃતિક ખેતી) હાજર રહ્યા હતા.

સમસ્ત કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ,આ.કૃ.યુ.,આત્મા અમદાવાદ,અને જિલ્લા ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.




